

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ અને આજુબાજુના ગામડાઓના ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. વડાગામ તથા આજુબાજુના ભૂમિપુત્રોએ રવિસીઝનના પાકમાં સમગ્ર જિલ્લામાં સૌથી વધારે બટાકાની ખેતી કરી હતી. પરંતુ શિયાળામાં થયેલા અચાનક માવઠા અને બટાટાના સતત ભાવ ગબડવાના કારણે તથા કોલ્ડસ્ટોરેજ દ્વારા કુત્રિમ જગ્યાની તંગી ઉભી કરવાથી ખેડૂતોની હાલત દયનીય બની ગઈ છે. ખેતરમાં પાકી ગયેલા બટાકા મજબુરીવશ ઘરે નાખી રાખવાનો વારો આવ્યો છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતનું ૮.૪૪ અબજનું બજેટ મંજૂર

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લા પંચાયતના મહિલા -મુખના અધ્યક્ષ સ્થાને સોમવારે સભાગૃહમાં મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૫-૧૬??? રૂા.૮.૪૪ અબજનું બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતું. -ત્યેક સદસ્ય પોતાના મત વિસ્તારમાં વિકાસ કામો પાછળ રૂા.૩.૫૦ લાખની ગ્રાન્ટનો ખર્ચ કરશે તેવી ખાસ જોગવાઈ બજેટમાં કરવામાં આવતા ચૂંટાયેલા સદસ્યોએ સર્વાનુમતે આવકારી હતી. કૃષિ, સિંચાઈ, બાંધકામ, શિક્ષણ સહિત વિવિધ વિભાગોમાં વિકાસ કાર્યો માટે નાણાંકીય ગ્રાન્ટની ફાળવણી કરી ગતિશીલ ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાને અગ્રેસર બનાવવાનો -યાસ કરવામાં આવ્યો હોવાનો દાવો સત્તાધીશ પક્ષના સભ્યો તરફથી કરવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લા પંચાયતના મહિલા -મુખ શાન્તાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૫-૧૬??? રૂા.૮.૪૪ અબજનું બજેટ રજુ કર્યુ હતું. વિરોધપક્ષ અને શાસક પક્ષ તથા અધિકારીઓની ઉપસ્થિતિમાં બજેટ રજુ કરતા તેમણે જણાવ્યુ હતું કે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩?? કલમ ૧૭૫ તથા ૧૬૩ અન્વયે સાબરકાંઠા જિલ્લો વિકાસપથ પર આગળ વધારવાની નેમ સાથે અંદાજપત્રકમાં જરૂરી જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયતના સદસ્યો પોતાના મત વિસ્તારમાં વિકાસના કામો સુચવી શકે તે માટે રૂા.૩.૫૦ લાખ લેખે રૂા.૮૭.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી હોવાની જાહેરાત કરતા શાસક પક્ષ તથા વિરોધપક્ષના સભ્યોએ આવકારી હતી. અંદાજપત્રકમાં સ્વંભંડોળમાંથી ધોરણ-૧૦ અને ૧૨?? બોર્ડની પરીક્ષામાં તાલુકા અને જિલ્લા કક્ષાએ જલવંત સફળતા મેળવનાર અનુસૂચિત જાતિ અને અનુસચિત જનજાતિના વિદ્યાર્થીઓને -ત્સાહન મળી રહે તે હેતુસર સરસ્વતી યોજના પેટે રૂા.૨ લાખની જોગવાઈ સાથે સમાજ કલ્યાણ ક્ષેત્રે રૂા.૩૩૦.૭૦ લાખની જોગવાઈ કરાઈ હોવાનું જણાવ્યુ હતું. ઉપરાંત શિક્ષણ, વિકાસ અને પંચાયત, જાહેર બાંધકામ અને સિંચાઈ, આરોગ્ય, ખેતીવાડી અને પશુપાલન ક્ષેત્રમાં ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવતા જિલ્લાનો વિકાસ ઝડપથી બનશે તેવી આશા વ્યકત કરી હતી. સિંચાઈ સમિતિના ચેરમેન દોલતસિંહ ચૌહાણ, કારોબારી સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, વનરાજસિંહ પરમાર સહિતના સભ્યોએ બજેટની ચર્ચામાં ભાગ લીધો હતો.

## બજેટ નિરાશાજનક : વિરોધ પક્ષના નેતા

આ અંગે વિરોધપક્ષના નેતા રાજેન્દ્રસિંહ કુંપાવતે જણાવ્યુ હતું કે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રજુ કરવામાં આવ્યુ છે. જે ગરીબો, ખેડૂતો અને સામાન્ય નાગરિકો માટે ક્રૂર મજાક સમના છે. સમાજ કલ્યાણ, પશુપાલન, શિક્ષણ સહિત વિવિધ વિભાગો માટે ખૂબ જ ઓછી નાણાંકીય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. વડા-ધાન સ્વચ્છ ભારતનું અભિયન ચલાવતા હોય ત્યારે સ્વચ્છતા અભિયાન માટે નિરાશાજનક આયોજન કરવામાં આવ્યુ છે.

## સ્વભંડોળની ગ્રાન્ટમાં ૧૦ કરોડનો વધારો

સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતું કે રેતી, કંકરની રોયલ્ટીમાંથી રાજય સરકારને થયેલી આવકમાંથી વર્ષ ૨૦૧૫-૧૬?? સ્વભંડોળ માટે રૂા.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને હિસાબી અધિકારી એસ. બી. ખપેટ સહિત કર્મચારીઓના અથાગ પરિશ્રમથી માતબર ગ્રાન્ટ મળતા જિલ્લાના વિકાસમાં ઝડપ આવશે તેવી આશા વ્યકત કરી હતી.

# મેઘરજ પંચાયતના બગીચામાં અસામાજીક તત્વો દ્વારા તોડફોડ

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા મેઘરજના પ્રજાજનો અને બાળકોને આનંદ-પ્રમોદ કરવા અને હરવા ફરવા માટે મેઘરજ-મોડાસા રોડ પર ચિલ્ડ્રન પાર્ક અને ખુબજ નયનરમ્ય સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે. પરંતુ કેટલાક અસામાજીક તત્વોએ મેઘરજ ગ્રામ પંચાયત હસ્તકના ચિલ્ડ્રનપાર્કમાં ગેરકાયદેસર ઘુસી જઈ તોડફોડ કરી ફૂલછોડને નુકશાન પહોંચાડતા મેઘરજના પ્રજાજનોએ આવા અસામાજીક તત્વોને ઝડપી પાડી યોગ્ય પોલીસ કાર્યવાહી કરવા માંગ કરી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મેઘરજ ગામમાં પ્રવેશદ્વાર પર મેઘરજ ગામ પંચાયત હસ્તકના ચિલ્ડ્રનપાર્કમાં ૪ માર્ચની રાત્રીએ કેટલાક અસામાજીક તત્વોએ અરાજકતા ફેલાવવાના હેતુથી કે પછી દારૂના નશામાં પ્રવેશ કરી તોડફોડ મચાવી દીધી હતી. અસામાજીક તત્વોએ અચાનક મચાવેલા આતંકથી મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા બગીચાની સુરક્ષા કરવા આવેલો ચોકીદાર ગભરાઈ ગયો હતો. અસામાજીક તત્વોએ મેઘરજ ગ્રામ પંચાયત હસ્તકના ચિલ્ડ્રનપાર્કમાં ગેરકાયદેસર ઘુસી જઈ તોડફોડ કરી ફૂલછોડને નુકશાન પહોંચાડતા મેઘરજના પ્રજાજનોએ આવા અસામાજીક તત્વોને ઝડપી પાડી યોગ્ય પોલીસ કાર્યવાહી કરવા માંગ કરી છે.

મેઘરજ ગામમાં પ્રવેશદ્વાર પર મેઘરજ ગ્રામ પંચાયત હસ્તકના ચિલ્ડ્રનપાર્કમાં ૪ માર્ચની રાત્રીએ કેટલાક અસામાજીક તત્વોએ અરાજકતા ફેલાવવાના હેતુથી કે પછી દારૂના નશામાં પ્રવેશ કરી તોડફોડ મચાવી દીધી હતી. અસામાજીક તત્વોએ અચાનક મચાવેલા આતંકથી મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા બગીચાની સુરક્ષા કરવા રખાયેલો ચોકીદાર ગભરાઈ ગયો હતો. અસામાજીક તત્વોએ ચિલ્ડ્રનપાર્કમાં સવારના સમયે તોડફોડ મચાવી હંગામો કર્યો હતો. અજવાળુ થતાં પકડાઈ જવાની બીકે ફરાર થઈ ગયા હતા. ચોકીદારે હિંમત એકઠી કરી બગીચામાં બનેલી તોડફોડની ઘટનાની જાણ સરપંચ અને પંચાયતના કર્મચારીઓને કરતાં તાત્કાલિક વહેલી સવારે સરપંચ અને કર્મચારીઓ બગીચામાં દોડી ગયા હતા. સરપંચે બગીચામાં નજર કરતા અસામાજીક તત્વોએ બાગમાં લાઈટીંગ માટે ગોઠવેલા ૭ ડૂમ ચોરીને સાથે લઈ ગયા હતા અને બગીચામાં ઉગાડવામાં આવેલા કિંમતી સાયકસ નામના છોડ પણ તોડી નાખ્યા હતા. કોઈપણ કારણ વગર અસામાજીક તત્વોએ ચીલ્ડ્રનપાર્કમાં મચાવેલ તોડફોડની જાણ મેઘરજ ગામના પ્રજાજનોને છતાં પ્રજાજનોમાં રોષ વ્યાપ્યો હતો. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર તોડફોડ કરવા આવેલા લુખ્ખા તત્વોનો મોબાઈલ ઘટનાસ્થળે મળી આવેલ હતો. જે મેઘરજ ગામ પંચાયત દ્વારા મેઘરજ પોલીસ સ્ટેશને અસામાજીક તત્વોએ કરેલી તોડફોડની જાણ કરી તોડફોડવાળી જગ્યાએથી બિનવારસી હાલતમાં મળેલો મોબાઈલ પણ પોલીસને સોંપ્યો હતો. આજના આધુનિક યુગમનાં મોબાઈલથી ચોરને પકડવો એ આસાન હોવાથી મેઘરજ પોલીસ દ્વારા આવા તત્વોને ઝડપી પાડી યોગ્ય કાર્યવાહી થશે કે નહિ તે જોવુ રહ્યું.



## પાલનપુર મુકામે ૩૦ માર્ચના રોજ ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેન્કના પ્રશ્નોનો નિકાલ કરવા તા. ૩૦-૩-૨૦૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અધિક્ષક ડાકઘર બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે ફરિયાદ/આવેદનપત્ર-ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર ઓફીસ ઓફ ધી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ બનાસકાંઠા ડીવીઝન પાલનપુરને તા. ૨૦-૩-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવી. ત્યારબાદ આવેલ ફરિયાદ, આવેદનપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેમ બનાસકાંઠા ડીવીઝન, પાલનપુર અધિક્ષકે જણાવ્યું છે.

## 'બી' પુલ ક્રિકેટમાં તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ટીમ વિજેતા

તલોદ, તા. ૯

ઉત્તર ગુજરાત યુનિ. આયોજીત ક્રિકેટની સ્પર્ધા 'બી' પુલ તલોદ કોલેજના ગ્રાઉન્ડ પર રમાયેલ જેમાં યુનિ.ની વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો. તા. ૩-૩-૧૫ના રોજ તલોદ કોલેજના ગ્રાઉન્ડ ઉપર હિંમતનગર આર્ટસ-કોમર્સ કોલેજ તથા તલોદ આર્ટસ-કોમર્સ કોલેજ વચ્ચે મુકાબલો યોજાયો હતો. હિંમતનગરની ટીમે આપેલ ૯૧ રનના લક્ષ્યાંકને ૩ વિકેટે પુરો કરી તલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ટીમ વિજેતા થયેલ છે. હવે પછી એ પુલ તથા બી પુલની ફાઈનલ મેચ પાલનપુર મુકામે યોજાનાર છે. ક્રિકેટના વિજેતા ખેલાડીઓને તથા શારીરિક શિક્ષણ નિયામક પ્રો. રંગુસિંહ બી. સોલંકીને પ્રિન્સીપાલ ડૉ. જે.કસી. પટેલ તથા સ્ટાફના મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. આ મેચમાં તલોદની ટીમ વતી ઓલરાઉન્ડ દેખાવ કરતા યશ રાવલે ૩૭ રન નોંધાવ્યા હતા અને ૨ વિકેટ ઝડપી હતી.

# મોડાસાની મદની શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

મોડાસા, તા.૯

મુસ્લિમ એજયુકેશન ટ્રસ્ટ મોડાસા સંચાલિત મદની હાઈસ્કૂલમાં વાલી વાલેદા સંમેલન, વિદ્યાર્થી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ શબ્બીરહુસેન જી. ખાનજીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે એફ.ડી. હાઈસ્કૂલ, અમદાવાદના પ્રિન્સિપાલ મોહંમદહુસેન આઈ. ગેંણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જયારે અતિથિ વિશેષ તરીકે સર્વોદય સહકારી બેંકના ચેરમેન ઈકબાલહુસેન જી. ઈપ્રોલીયા, મોડાસા રોડ ટ્રાન્સ. કો.ઓ. સોસાયટીના ચેરમેન મહંમદશફી ડી. કાંકરોલીયા તથા મદની પ્રિ-પ્રાયમરી વિભાગના દાતા મહમદસલીમ જે. સિંધિ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સેક્રેટરી મહમદસલીમ એન. ખોખરે સ્વાગત પ્રવચન કર્યુંહતું. આ સમારોહમાં ઉચ્ચ સિધ્ધિ હાંસલ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારિકીર્દી માટે શુભેચ્છાની સાથે ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.

ઈકબાલહુસેન જી. ઈપ્રોલીયા, સીંકદર વાય. સુથાર (રાજાબાબુ) મોહમદહુસેન આઈ. ગેંણા તથા શબ્બીરહુસેન જી. ખાનજીએ સમાજમાં વિદ્યાર્થીઓના શિક્ષણને લઈને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રિ-પ્રાયમરી વિભાગના નાના ભૂલકાઓ તથા પ્રાથમિક વિભાગના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના કન્વીનર મહમદહનીફ એ. દાદુ તથા પ્રાથમિક વિભાગના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના કન્વીનર મહમદહનીફ એ. દાદુ તથા પ્રાથમિક શાળાના આચાર્ય માસુમખાન પઠાણના માર્ગદર્શન હેઠળ રજુ કરવામાં આવ્યા હતા. આભાર વિધિ શાળાના પ્રિન્સિપાલ સુલતાન આઈ. મલિકે કરી હતી.

આ ઉપરાંત સમારોહમાં આરીફભાઈ આઈ. મેઘરેજી, મિયા ઉમ્મર એ. પટીવાલા, આબીદહુસેન એ. બેલીમ, મોહસીનભાઈ બુલા વગેરે ટ્રસ્ટના હોદેદારશ્રીઓ, સાબીરહુસેન એસ. કુરકીવાલા વાલીમંડળના સેક્રેટરીશ્રી તેમજ શહેરની અન્ય સંસ્થાના હોદેદારશ્રીઓ, આચાર્યશ્રીઓ, નગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ શહેરના અગ્રણીઓ તથા ખૂબ જ મોટી સંખ્યામાં વાલી વાલેદા અને વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ. મુસ્તુફાઅલી પી. મનસુરી તથા મહમદહનીફ એ. દાદુએ કર્યું હતું.

# આકરૂન્દ પીએસસી સેન્ટરના મેડીકલ ઓફીસર સહિત ૩ને જીલ્લા આરોગ્ય અધિકારી ધ્વારા નોટીસ

## નોટીસ ફટકારી ૭ દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૯

સમગ્ર ગુજરાત રાજયમાં અને અરવલ્લી જીલ્લામાં હાલ સ્વાઈન ફલુ નામના ભયાનક રોગે હાહાકાર મચાવ્યો છે. જયારે આ રોગને લઈને જીલ્લાના દરેક સીએચસી અને પીએચસી સેન્ટર રજા દિવસે પણ ચાલુ રાખવામાં આવે છે પરંતુ અરવલ્લી જીલ્લામાં કેટલાક સીએચસી અને પીએચસી સેન્ટર પરના ફરજ પરના કર્મચારીઓ અને ડોકટર ટાઈમસર હાજર રહેતા નથી કે પછી ગુલ્લી મારતા હોય છે ત્યારે આ અંગે જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ફેન્સીને આ અંગે ફરીયાદ મળતાં તેમણે આજ રોજ અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે આવેલ પીએચસી સેન્ટર પર ઓચીંતી મુલાકાત લેતા આ પીએચસી સેન્ટરના મેડીકલ ઓફીસર ડો. મનીષા સહિત ૩ કર્મચારીઓ પીએચસીના ટાઈમ કરતાં લેટ આવતા આ ત્રણેયને અરવલ્લી જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ફેન્સીએ નોટીસ ફટકારી હતી અને ૭ દિવસમાં લેખીતમાં ખુલાસો કરવાનુ જણાવવામાં આવ્યુ હતુ તેમજ આ આરોગ્ય અધિકારીની ઓચિંતી મુલાકાતથી અરવલ્લી જીલ્લાના પીએચસી સેન્ટરના લેટ લતીફોમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો હતો.

# પ્રાંતિજ અંબર ફેક્ટરી દ્વારા ક્રિકેટ મેચ યોજાઈ

## પત્રકારો-કોર્પોરેટરો, વકિલો, ડૉક્ટરો સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ક્રિકેટ મેચ રમ્યા : પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય પણ મેચ રમ્યા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક ગલતેશ્વર રોડ ઉપર આવેલ સિરામિકની કપ-રકાબી બનાવતી ફેક્ટરીના સૌજન્યથી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ નગરના અગણીઓ અધિકારીઓની વચ્ચેથી બે ટીમ બનાવી મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય પણ ક્રિકેટ રમ્યા હતા.

અંબર ટુ ફેક્ટરી દ્વારા તા. ૬-૩-૨૦૧૫ને ધુળેટીના દિવસે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો, જાયન્ટ ગૃપ પ્રાંતિજ, ડૉક્ટરો, વકિલો, પત્રકારો તથા તાલુકાના અધિકારીઓ તથા અગ્રણીઓ ભાગ લીધો હતો. જેમાં બે ટીમ બનાવી બન્ને ટીમ વચ્ચે ક્રિકેટ મેચ રમાડવામાં આવી હતી. જેમાં પહેલા ટોસ જીતી મેદાનમાં ઉતરેલ ટીમે ૯૭ રન બનાવ્યા હતા. જ્યારે બીજા દાવમાં ઉતરેલ ટીમે ૯૮ રન બનાવી દેતા તેવો જીતી ગયા હતા. જ્યારે ધારાસભ્યએ પણ ક્રિકેટ મેચ રમવા મેદાનમાં ઉતર્યા હતા. પણ તેવો માત્ર ૩ રન બનાવી કમરનો દુખાવો થતાં બેસી જવાનો વારો આવ્યો હતો. અને સમગ્ર ક્રિકેટ મેચ છેલ્લી ઓવર સુધી રોમાંચક રહી હતી. જ્યારે આવનાર ખેલાડીઓએ ઘણા સમય પછી ક્રિકેટ મેચ રમતા આનંદ છવાયો હતો. અને કંપનીનો આભાર પણ માન્યો હતો. સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડની પણ વિશેષ ઉપસ્થિત રહી હતી. જ્યારે પ્રસંગે આયોજક સિરામિક કંપનીના ડાયરેક્ટર સુનીલ કે. મલેશા, પેરૂમારેડીસીઓ, મહસીસમતા ડીજીએમ, આર.કે. દાસ હેડ, એચ.આર. ભાવેશ પરમાર, એકાઉન્ટ્સ, રવિન્દ્ર પ્રોડક્શન મેનેજર વગેરેના માર્ગદર્શન નીચે ગોસ્વામી દ્વારા સુંદર આયોજન કર્યું હતું. ને સહયોજનથી ક્રિકમેટ મેચનું આયોનજ કરવામાં આવ્યું હતું.

## હોટલ-કેટરીંગમાં ટેક્સ વસુલાતમાં વધારો થયો

હોટલ અને કેટરીંગ જેવા સેક્ટરોમાં સર્વિસ ટેક્સ વસુલાતમાં વધારો થયો છે. પરંતુ રિયલ એસ્ટેટ જેવા સેક્ટરોમાં વસુલાતમાં ઘટાડો થયો છે. કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા મુકવામાં આવેલા અંદાજ મુજબ ટાર્ગેટ એક્સાઈઝ ડ્યુટીમાં આશરે ૪૮૧ કરોડ અને સર્વિસ ટેક્સમાં આશરે ૧૬૭૫ કરોડ ઓછા રહે તેવી શક્યતા છે.

# સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ બે દર્દીઓ સારવાર હેઠળ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફલુના વધુ બે દર્દીઓ સપડાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જિલ્લામાં ૯૩ દર્દીઓ સ્વાઈનફલુમાં સપડાતા સારવાર માટે દાખલ કરાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

સાબરકાં જિલ્લામાં સોમવારે તલોદ તાલુકાના ગુલાબની મુવાડી ગામના એક વર્ષનો બાબો સ્વાઈનફલુમાં સપડાતા સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જયારે હિંમતનગર તાલુકાના ગઢોડા ગામના બે વર્ષનો બાબો સ્વાઈનફલુમાં સપડાતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે. જિલ્લામાં ૯૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં આવેલા ફેરફારથી અંતરિયાળ વિસ્તારમાં પણ સ્વાઈનફલુના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. આરોગ્ય તંત્રના અધિકારીઓ સબ સલામતના દાવા પોકારી રહ્યા છે.

# કેશરપુરા ગામ નજીક લકઝરી પાછળ કાર ઘુસી જતા એકનું મોત

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના કેશરપુરા ગામ નજીક સોમવારે સાંજે એક ખાનગી બસ પાછળ કાર ઘુસી જતા એક નું મોત નીપજયું હતું જયારે ત્રણ ને ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ ધ્વારા ગાંભોઈ આરોગ્ય કેન્દ્રમાં -ાથમિક સારવાર આપી ને વધુ સારવાર અર્થે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા.આ અકસ્માત અંગે ગાંભોઈ પોલીસ ને જાણ થતા સ્થળ પર પહોચી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી

આ અંગેની વિગત એવી છે ગાંભોઈ નજીક નેશનલ હાઈવે પર આવેલ કેશરપુરા ગામ નજીક સોમવારે સાંજે શામળાજી તરફ થી આવતી લગઝરી બસ અચાનક બ્રેક મારતા પાછળ આવતી વેગનઆર કાર બસ પાછળ ઘુસી ગઈ હતી પરિણામે અંદર બેઠેલ હમીરપુરા ગામના હિતેન્દ્ર મંગાજી પરમાર નું ગંભીર ઈજા ને કારણે મોત નીપજયું હતું જયારે ત્રણ ઈજાગ્રસ્ત યુવાનોને ૧૦૮ થી ગાંભોઈ આરોગ્ય કેન્દ્રમાં લઈ ને -ાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા જયારે અકસ્માત અંગે ગાંભોઈ પોલીસ ને જાણ થતા સ્થળ પર જઈ ને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦